# ...માં અંબા દુઃખ હરશે... જયો જયો માં જગદંબે



નવરાત્રીના અંતિમ દિવસોમાં હરિઆલય સોસાયટી ખાતે આઠમની મહાઆરતી થઈ હતી. જેમાં સોસાયટીના રહીશોએ સોશિયલ ડિસ્ટન્સ જાળવી ભાગ લઈ માતાજીની આરતી તથા આરાધના કરી સૌ સારાવાના થાય એવી પ્રાર્થના કરી રહ્યા છે.




ગાંધીનગર લાયોનેસ કલબ તરફથી નવરાત્રી પર્વની ઉજવણીના ભાગ રૂપે જુદી જુદી ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેવી કે ગરબાના ડેકોરેશન, આરતી ડેકોરેશનની તેમજ ગરબા ગાવાની.. જેમાં મોટી સંખ્યામાં બહેનો ભાગ લીધો હતો સ્પર્ધા માં જજ તરીકે મીનલબેન ભિમાની, ઉર્વશીબેન પટેલ તથા આરતીબેન ભટ્ટે સેવા આપી હતી નવાજવામાં આવ્યા હતા. લાયોનેસ પ્રમુખ મિત્તલ રાણાએ સૌ સ્પર્ધકો તથા જનનો કલબ વતી આભાર વ્યક્ત કર્યો હતો.



ગાંધીનગરમાં સ્થાયી થયેલા કચ્છી વડનગરા નાગર જ્ઞાતિના રહીશો એ નવરાત્રીમાં શક્રાદય સ્તુતી,દેવી સુક્ત, દેવી અપરાધ ક્ષમાપન સ્તોત્ર અને મા અંબાની આરતીનાં સમૂહ પઠન દ્વારા કરાતી મા જગદંબાની આરાધનાની છેલ્લાં ૬૦ વર્ષથી ચાલી આવતી પરંપરાને કોરોના ના નિયમોનું ચૂસ્તપણે પાલન કરીને પણ જાળવી રાખી અને સેક્ટર-૬બી સ્થિત ચન્દ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે નવ દિવસ માટે ભક્તિમય માહોલ ઉભો કરી દીધો છે.



સોલા હાઉસીંગ કોમપલેક્ષના ચાંદની ચોક-નારણપુરા માં આવેલ અંબાજી માતાજીને એક થી વધારે સાડી પહેરાવી વિશિષ્ટ શણગાર કરવામાં આવ્યો હતો. શણગારને કારણે દર્શનાર્થીઓ પ્રભાવિત થયા હતા.



કોરોના વાયરસ ભગાવો નવરાત્રિ ઉત્સવ ઇંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા ઉજવાયો



ઈન્ફી કિડ્સ પ્રિ સ્કૂલ દ્વારા ૨૩મી ઓકટોબરના રોજ ઓનલાઈન નવરાત્રીની ઊજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને ભાગ લીધો હતો. સાથે તેમની માતાઓએ માતાજીની થાળી સજાવટ સ્પર્ધામાં ભાગ લીધો હતો.



શાલ્વિન સોસાયટી વાવોલ ખાતે સરકારના ગાઈડલાઈન મુજબ ૧ કલાકની સમય મર્યાદાનું પાલન કરીને માતાજીની આરતી-આરાધના કરવામાં આવી હતી. પ્રસાદની વહેંચણી કરવામાં આવતી નથી. આખા વિશ્વમાંથી નાબૂદ થાય તેવી માતાજીને પ્રાર્થના કરીને ડિસ્ટન્સીંગ સાથે નવરાત્રીની સાદગીપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.




નવરાત્રીનાં ગરબે ઘૂમવાનો શોખ નાનામોટા દરેકને હોય છે પરંતુ આ વખતે સાદાઈપૂર્વક ઉજવવવાનું હોવાથી ઉત્સાહી ખલૈયાઓ કાંઈને કાંઈ રસ્તો શોધી જ લેતા હોય છે. કોઈ ઓનલાઈન ગરબા તો કોઈ પોતાના ઘરેજ ગરબા રમીને માતાજીને રીઝવવાનો પ્રયત્ન કરે છે.



સેકટર-૧૩બી ખાતે ઘરે રહીને નાના ભૂલકાઓ દ્વારા માતાજીની આરતી અને પૂજા કરવામાં આવી હતી.



૨૪મી ઓકટોબરના રોજ આઠમ(દુર્ગાષ્ઠમી)ના દિવસે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટી, આચાર્ય અને ઓફિસ સ્ટાફ સોશિયલ ડિસન્ટન્સ સાથે હાજર હતા.